# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: શિતલ વૈષ્ણવ

## કમ્પ્યુટરરાઈઝ: મીત  ગોર

**તારીખ :૧૯/૦૫/૨૦૨૪** **સમય: સવારે: ૬:૫૦**

## લોકસભા ચૂંટણી

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે આગામી 20 મેના રોજ મતદાન થશે. આ તબક્કા માટેની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થઈ ગયા છે. આ તબક્કામાં સાત રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 49 બેઠક માટે મતદાન થશે.

પાંચમા તબક્કામાં છ રાજ્યો ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ અને બે કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં મતદાન થવાનું છે. તેમાં ઉત્તર પ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની સાત, બિહાર અને ઓડિશાની પાંચ-પાંચ બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ તબક્કામાં ઝારખંડની ત્રણ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની એક-એક બેઠક પર પણ મતદાન થવાનું છે. પાંચમા તબક્કાનું મતદાન પૂર્ણ થતાની સાથે જ, દેશની 543 લોકસભા બેઠકોમાંથી 428 બેઠકો પર મતદાન પૂર્ણ થઈ જશે.

RNU AHMDABAD

---

## મદરેસાનો સર્વે

રાજ્યમાં આવેલી 1130 જેટલી મદરેસાનો સર્વે કરવા શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરવા માં આવ્યો છે. રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ મદરેસામાં અભ્યાસ કરતાં બાળ કોને લઈને ફરિયાદ મળ્યા બાદ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મદરેસાઓનો સર્વે કરવા આદેશ કરાયો છે.

મદરેસામાં ભણતા બાળકો સામાન્ય સ્કૂલોમાં અભ્યાસ કરતા ન હોવાથી સર્વેમાં વિગતો એકત્ર કરાશે. . આ માટે ડીઈઓ અને ડીપીઈઓ દ્વારા ટીમ બનાવી મદરેસામાં ભૌતિક ચકાસ ણી કરાવવામાં આવશે.

NP / શિતલ વૈષ્ણવ

---

## ધોરણ-10 અને 12 ની પરીક્ષાઓ - સુનાવણી

માર્ચ 2014માં લેવાયેલી ધોરણ-10 અને 12ની પરીક્ષાઓમાં ગેરરીતી કરતાં પકડાયેલા વિદ્યાર્થીઓની સુનાવણી પૂર્ણ થઇ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉપાધ્યક્ષ ડી.એસ. પટેલે જણાવ્યું છે કે, આ વર્ષે ધોરણ 10 અને 12ના વિવિધ પ્રવાહોની લેવાયેલી પરીક્ષાઓમાં કુલ 765 ગેરરીતી કરતા વિદ્યાર્થીઓ પકડાયા હતા, જેમાંથી 226 વિદ્યાર્થીઓને સીસીટીવી ચકાસણીના આધારે દોષમુક્ત કરવામાં આવ્યા છે. 525 વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષાને પાત્ર ઠેરવવામાં આવ્યા છે. નવ વિદ્યાર્થીઓના પરિણામ રદ કરવામાં આવ્યા છે અને 14 વિદ્યાર્થીઓને બે વર્ષ માટે પરીક્ષા નહીં આપવાની સજા કરવામાં આવી છે.

RNU AHMDABAD

---

## રાજકોટ - સ્માર્ટ સીટી

કેન્દ્ર સરકારનાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત દેશભરનાં 100 શહેરોમાં રાજકોટની પસંદગી કરવામાં આવી છે. રાજકોટની ભાગોળે રૈયાધાર ખાતે 930 એકરમાં સ્માર્ટ સિટી તૈયાર કરવાની કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે.. જે અંતર્ગત મોટાભાગની કામગીરી પૂર્ણતાનાં આરે છે અને હાલ સ્માર્ટ સિટીનાં રેન્કિંગમાં રાજકોટ 56માંથી 29માં ક્રમ પર પહોંચ્યુ છે. આગામી જૂન મહિનાનાં અંત સુધીમાં તમામ કામગીરી પૂર્ણ થાય તેવી શક્યતા છે.

RNU AHMDABAD

---

## માછીમારોને જાહેરનામું

આગામી પહેલી જૂનથી બે મહિના સુધી સૌરાષ્ટ્રના માછીમારોને દરિયો ન ખેડવાનું જાહેરનામું આજે બહાર પડ્યું છે ત્યારે માર્ચ મહિનાથી જ આ વખતની સીઝન નબળી અને ખર્ચ કરતાં ઓછું ઉત્પાદન મળતું હોવાથી 70 ટકા બોટો બંદર ઉપર જથ્થો થઇને પડી છે.

ગીર સોમનાથ જીલ્લા વેરાવળ બોટ એસોસિએશન સાગરપુત્ર ફાઉન્ડેશનના પ્રમુખ તુલસી ગોહેલે જણાવ્યું છે કે, રશિયા- યુક્રેન યુધ્ધની અસર માછલીની નિકાસ પડી છે. ચીનમાં નિકાસના ભાવ અડધા થઇ ગયા છે.

RNU AHMDABAD

---

## ભુજ હાટ

કચ્છની હસ્તકળા દેશ-વિદેશમાં પ્રખ્યાત છે ત્યારે કળાની જાળવણી સાથે આ કળા સાથે સંકળાયેલા કારીગરોને પ્રોત્સાહન આપવા માટે સમયાંતરે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.ત્યારે જિલ્લા સમાહર્તા અમિત અરોરાએ તા.18-05, શનિવારના ભુજ હાટની મુલાકાત લઇ સંબંધિત અધિકારીઓને ભુજ હાટના પુનઃ વિકાસ માટેની ટેન્ડર પ્રક્રિયામાં ઝડપ લાવવા તેમજ હાટનો ઉપયોગ હસ્તકળાની વૃધ્ધિ માટે વધુમાં વધુ થાય તે માટે જરૂરી સૂચનો કર્યા હતા. તેમની સાથે ભુજના નાયબ કલેક્ટર અનિલ બી. જાદવ હાજર રહ્યા હતા.

NP / શિતલ વૈષ્ણવ

---

## હવામાન

દેશ ના અનેક રાજ્યોમાં વિષ્ણુ ગરમી અને લૂ નો પ્રકોપ જોવા મળી રહ્યો છે. આકાશમાંથી સૂર્ય અગંજવાળા વરસાવી રહ્યો છે તાપમાનનો પારો અનેક જગ્યાએ 45 ડિગ્રીએ ગયો હતો. ભારતીય હવામાન વિભાગ અનુસાર ભારતના ઉત્તર પશ્ચિમમાં હજુ આગામી પાંચ દિવસ સુધી અંગત દઝાડતી ગરમી અસર વર્તાશે.

ગઈકાલે રાજ્યના આઠ શહેરોની શહેરોની  રાત સૌથી ગરમ રહી હતી 45.5 ડિગ્રી સેલ્સિયસ સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.તો કચ્છના મુખ્ય મથક ભુજમાં ઉનાળાની ઋતુમાં પ્રથમવાર જ મહત્તમ પારો  44 ડિગ્રીને પાર  રહ્યો હતો. કંડલા એરપોર્ટ કેન્દ્રમાં મહત્તમ તાપમાન 43.2 ડિગ્રી તો રાપર 43, ખાવડા 41, અને મુન્દ્રામાં 40 ડિગ્રીએ વૈશાખીઓ તાપ તપ્યો હતો.

NP / શિતલ વૈષ્ણવ

---